નં.ડીએમ/વિ. ચૂંટણી/૨૧/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. ૨૩/૧૧/૨૦૨૨

## ગુજરાત પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨(૧) હેઠળનું જાહેરનામું

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત જામનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગો માટે મતદાન તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ થનાર છે અને મતગણતરી તા.૦૮/૧૨/૨૦૨૨ રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. આ તારીખથી સમગ્ર જામનગર જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. ચૂંટણી પંચની સ્થાયી સુચનાઓ અનુસાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ (સી) હેઠળ ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ તથા નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. સદર ચૂંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તથા ઉમેદવારો કે રાજકીય પક્ષો તરફથી મતદારોને પ્રલોભનરૂપે દારૂ તેમજ નશાયુકત પદાર્થ આપે નહી અને ચૂંટણીનુ કામ નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે જિલ્લામાં આવેલ કેફી પદાર્થોનું વેચાણ કરતી (લીકરશોપ) હોટલ, રેસ્ટોરન્ટ, કલબ તથા બીજી સંસ્થાઓને દારૂનું વેચાણ પર પ્રતિબંધ મુકવા ''ડ્રાય ડે'' તરીકે જાહેર કરવાનું મને જરૂરી જણાય છે.

**-: હુકમ :-**

જેથી હું, ડૉ. સૌરભ પારધી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જામનગર જિલ્લામાં સમાવિષ્ટ તમામ મતદાર વિભાગોમાં આવેલ:

૧. હોટલ, રેસ્ટોરન્ટ, કલબ વિગેરેને
૨. કલબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પુરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય,
૩. વ્યકિતગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમીટ આપેલ હોય તેવી વ્યકિતઓને

(૧) તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાક પહેલા એટલે કે તા.૨૯/૧૧/૨૦૨૨ ના ૦૫.૦૦ કલાકથી તા.૦૧/૧૨/૨૦૨૨ ના ૨૪.૦૦ કલાક સુધી દારૂ વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને ''ડ્રાય ડે'' તરીકે જાહેર કરવા હુકમ કરું છું.

(૨) મતગણતરીના દિવસ એટલે કે તા.૦૮/૧૨/૨૦૨૨ ના ૦૦.૦૦ કલાક થી ૨૪.૦૦ કલાક સુધી દારૂ વેચાણ કરવા /પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને ''ડ્રાય ડે'' તરીકે જાહેર કરવા હુકમ કરું છું.

Office of the District Magistrate, Jamnagar District (જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો, ગુજરાત રાજ્ય)

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત, પ્રોહીબીશન કાયદા ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ -૧૮૮ મુજબ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ -૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દવારા કરવી તથા ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી કરવી.

આજ તા.૨૩ માહે નવેમ્બર-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ડૉ. સૌરભ પારધી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ જરૂરી કાર્યવાહી કરવા સુનિશ્ચિત કરવા સારૂ.

૨. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.

૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ

૪. ચૂંટણી અધિકારી ૭૬-કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૫. ચૂંટણી અધિકારી ૭૭-જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)

૬. ચૂંટણી અધિકારી ૭૮-જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)

૭. ચૂંટણી અધિકારી ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને
જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૮. ચૂંટણી અધિકારી ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૯. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, જામનગર શહેર / ગ્રામ્ય

૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી,
જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ

૧૧. મદદનીશ ચૂંટણી અધિકારી અને ચિટનીશ ટુ કલેક્ટરશ્રી, જામનગર

૧૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેક્ટર કચેરી, જામનગર

૧૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), જામનગર

૧૪. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સીટી એ ડીવી./ સીટી બી ડીવી./સીટી સી ડીવી./પંચ એ ડીવી./ પંચ બી ડીવી./બેડી મરીન/ મેઘપર (પડાણા)/સિક્કા/જામજોધપુર/ શેઠવડાળા/લાલપુર/કાલાવડ ટાઉન/ કાલાવડ (ગ્રામ્ય)/જોડીયા/ ધ્રોલ પો.સ્ટે., જી.જામનગર

૧૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી અપાવી તેની પાંચ નકલો મોકલી આપવા વિનંતી સહ.

નકલ સવિનય રવાના :-

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજય, સામાન્ય વહિવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી,જામનગર

District Magistrate ... agar District